Done

દિવ્ય ભાસ્કર
યુવા શિક્ષક રોજગાર
Page no - 3
Date - 19-12-2022

### અભ્યાસક્રમ, ટ્રેનિંગ પર કામ કરવામાં આવશે

# શૈક્ષણિક મુદ્દે રોવુમા અને BAOU યુનિ. વચ્ચે MOU

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

નામ્પુલા, મોઝામ્બિક (પૂર્વ આફ્રિકા) ની રોવુમા યુનિવર્સિટી અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી વચ્ચે વિવિધ શૈક્ષણિક મુદ્દાઓ પર એમઓયુ થયા છે. આ મેમોરેન્ડમ ઓફ એગ્રીમેન્ટ માનવીકીય અને સામાજિક વિજ્ઞાન, કોમ્પ્યુટર સાયન્સ, કોમર્સ અને મેનેજમેન્ટ, ટીચર એજ્યુકેશન, સ્પેશિયલ એજ્યુકેશન જેવા શિક્ષણ કાર્યક્રમોને લઈને રોવુમા યુનિવર્સિટી સાથે મોઝામ્બિકના અભ્યાસના ક્ષેત્રો સાથે સહભાગિતાથી કામ કરવાની ખાતરી આપી છે. આ કરારથી ગુજરાત રાજ્ય અને મોઝામ્બિક દેશની કલા સંસ્કૃતિ, વિજ્ઞાન, શિક્ષણ ક્ષેત્રે વ્યાપ વધશે. યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર પ્રો. અમી ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, આ કરાર બંને દેશોની સામાજિક-સાંસ્કૃતિક, આર્થિક અને વિજ્ઞાન ક્ષેત્રની ઉન્નતિ અને ઉત્કર્ષ માં મહત્વનું યોગદાન આપશે. આ એનઓયુથી વિદ્યાર્થીઓને તો ફાયદો થશે, પરંતુ પૂર્વ આફ્રિકામાં પણ ગુજરાતના કલ્ચર અને પરંપરા વિશે લોકો માહિતગાર થશે. આ ઉપરાંત નવા કોર્સ ડિઝાઈન થશે, ત્યાંના વિદ્યાર્થીઓ પીચ.ડી માટે આવશે.



BAOUના ચાન્સલર અને રોવુમા યુનિ.ના અધિકારીઓ વચ્ચે કરાર

19/12/22